


Design By : Banas Dairy Media


Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો

# ધબકાર

અંક: ૨૧ | ઓક્ટોબર - ૨૦૨૪ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia


**મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીની મુલાકાત લીધી.**

**બનાસ ડેરી માટે ગૌરવભરી ક્ષણ: બનાસ સંકુલ વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરમાં અપાતા 'મહાપ્રસાદ' તંદૂલ લાડુનું ઉત્પાદન**

**બનાસ ડેરી બની પશુપાલકો અને ખેડૂતોના જીવનમાંથી અંધકાર દૂર કરી પ્રકાશ ફેલાવનાર દીપક**




પ્રકાશન :- ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબની મુલાકાત કરીને બનાસ ડેરીના કાર્યોની પ્રશંસા કરી

**મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીની મુલાકાત લીધી.**

**રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી થરાદનું નિરીક્ષણ કર્યું.**

**આત્મનિર્ભર ગામડાંના નિર્માણથી આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સહયોગ આપવા માટે આપણે એકતાપૂર્વક કામ કરવું જોઈએ: રાજ્યપાલશ્રી**

**ખેડૂતોને આધુનિક ટેકનોલોજી અને ટકાઉ ખેતી પદ્ધતિઓથી સશક્ત કરવા માટે બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી સમર્પિત છે: ચેરમેન શ્રી શંકરભાઈ**



ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના લુણાલમાં પ્રાકૃતિક કૃષિ સંવાદ યોજાયો. આ કાર્યક્રમ ગુજરાત વિદ્યાપીઠ, નકળંગ ધામ લુણાલ અને કૃષ્ણા હોસ્પિટલ થરાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં સફાઈ અભિયાન અને પદયાત્રા સહિતના કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવ્યા.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાના ખેડૂતોને સંબોધતા જણાવ્યું કે, વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ એક અતિ જરૂરી બાબત બની ગઈ છે. દેશભરના તમામ વિસ્તારોમાં પ્રાકૃતિક કૃષિને અપનાવવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેમણે પ્રાકૃતિક કૃષીના ફાયદાઓ વિશે જણાવતાં જણાવ્યું કે આ એકમાત્ર ખેતીની પદ્ધતિ છે, જે જમીનને ફળદ્રુપ અને નરમ બનાવે છે. તેમણે ઉમેર્યું કે, આ પદ્ધતિથી વરસાદી પાણી વધુ પ્રમાણમાં જમીનમાં ઊતરવા માટે સહાય કરે છે અને નુકસાન ઓછું થાય છે. આ સાથે, ખેતીના ખર્ચમાં ઘટાડો થવા અને આવકમાં વધારો થવાની શક્યતા વધે છે.

તેમણે કુરુક્ષેત્ર સ્થિત પોતાના ખેતરમાં કરવામાં આવતી પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને માહિતી આપતાં કહ્યું કે, તેમણે પોતે આ ખેતી ૨૦૦ એકર જમીનમાં અપનાવીને ધરતી માતાને ફળદ્રુપ બનાવી છે. ઉત્પાદનમાં વધારાની સાથે દેશને પોષણયુક્ત અનાજ-પાક મળે, ખેડૂતોની આવક વધે, લોકો તંદુરસ્ત બને તે માટેના પ્રયત્નો અને અભિયાનો ચલાવવામાં આવી રહ્યા છે.





તેમણે જણાવ્યું કે, તેઓ પ્રથમ ખેડૂત છે અને પછી રાજ્યપાલ છે. થરાદની ધરતી પર ખેડૂતો સાથે પોતાનાપણું અનુભવી રહ્યો છું. જ્યાં નારીનું પૂજન થાય છે ત્યાં દેવતાઓનો વાસ રહેલો છે. થરાદ પંથકની સ્વચ્છતા અને સુઘડતા જોઈને ધન્યતા અનુભવી રહ્યો છું. તેમણે ખેડૂતોને રાસાયણિક, જૈવિક અને પ્રાકૃતિક ખેતીનો ભેદ અને ફાયદાઓ વિશે માહિતી આપી હતી. રાસાયણિક એટલે કે ખાતર થકી થતી ખેતી, જૈવિક એટલે વિદેશી અળસિયા થકી કરવામાં આવતી ખેતી તથા પ્રાકૃતિક ખેતી એટલે દેશી ગાય આધારિત ખેતીનો ભેદ ખેડૂતોને સમજાવ્યો હતો. આત્મનિર્ભર ગામડાઓના નિર્માણથી આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સહયોગ આપવા તેમણે જણાવ્યું હતું.

રાસાયણિક ખેતી, જૈવિક ખેતી અને જંતુનાશક દવાઓના ઉપયોગથી ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો અંગે વાત કરતાં રાજ્યપાલએ કહ્યું કે, આજે ધરતીના તાપમાનમાં વધારો નોંધાયો છે. રાસાયણિક ખાતર ૨૪ ટકા ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર ગણાય છે. જંતુનાશક દવાઓના ઉપયોગથી વાદળોમાં પાણી સંગ્રહ કરવાની શક્તિ ઓછી થઈ છે, જેના કારણે ક્યાંક અચાનક ભારે વરસાદ તો ક્યાંક નહિવત્ વરસાદ વરસે છે. તાપમાન વધારા સાથે વાવાઝોડા, તોફાન, અનાવૃષ્ટિ વગેરેમાં પણ વધારો નોંધાયો છે. ઘટી રહેલાં કૃષિ ઉત્પાદન તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય હોવાનું રાજ્યપાલે જણાવ્યું હતું.

તેમણે બનાસ ડેરીના સફળ નેતૃત્વમાં જિલ્લાના ખેડૂતો ખેતી અને પશુપાલનના માધ્યમ થકી દૂધ ક્રાંતિ સર્જીને આર્થિક સધ્ધર બન્યા હોવાનું જણાવ્યું હતું. આજે સરકારશ્રી અને બનાસ ડેરી દ્વારા પશુપાલકોના હિતમાં અનેક નિર્ણયો કરાયા છે જેમાં ઓલાદ સુધારણા, કુત્રિમ બીજદાન ટેકનોલોજી સહિતનો સમાવેશ થાય છે. તેમણે ગુજરાત અને થરાદની ભૂમિને રાસાયણિક ખાતરો અને દવાઓમાંથી હંમેશા મુક્તિ મળે તે દિશામાં કામ કરવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠના ૧૮૦૦વિદ્યાર્થીઓ આજથી રાજ્યના ૧૮૦૦૦ ગામડાઓમાં પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસાર માટે જશે, જ્યાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માહિતી પૂરી પડાશે.



તેમણે ઉમેર્યું કે, જે રીતે જંગલનાં વૃક્ષોને કુદરતી રીતે જ પોષણ મળે છે, ત્યાં કોઈ પ્રકારના ખાતર વિના જ આપોઆપ ફળ આવી જાય છે. પ્રાકૃતિક ખેતીમાં પણ જીવામૃત અને ઘન જીવામૃત આધારિત કુદરતી પદ્ધતિઓ દ્વારા ખેતી પોષણક્ષમ તો બને જ છે, ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થઈ જાય છે. તેમણે જણાવ્યું કે, દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં 300 કરોડ સુક્ષ્મ જીવાણું હોય છે. ગાયના ગોબર અને ગોમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીના કારણે પ્રથમ વર્ષથી જ પૂરેપૂરું ઉત્પાદન ખેડૂતોને મળે છે. એટલું જ નહીં, ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થવાથી તેમની આવક બમણી થાય છે. તેમણે જીવામૃત, ઘન જીવામૃત વિશે પણ ખેડૂતોને વિગતવાર સમજણ આપી હતી. પ્રાકૃતિક ખેતી કરવાથી ખેતરમાં અળસિયાનો વ્યાપ વધે છે જેનાથી નેચરલ હાર્વેસ્ટિંગ સિસ્ટમ પણ ઊભી થાય છે.




પ્રાકૃતિક કૃષિ સંવાદ કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, સરહદી વિસ્તાર સુધી આજે પ્રાકૃતિક કૃષિ પહોંચી છે તેનો શ્રેય હું રાજ્યપાલને આપું છું. દેશની નામાંકિત સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠે પણ પ્રાકૃતિક ખેતીની કામગીરીને ઉપાડી છે, જે અભિનંદનને પાત્ર છે. મહાત્મા ગાંધીના ગ્રામ સ્વરાજના સંકલ્પને ગુજરાત વિદ્યાપીઠે અક્ષરસઃ સાર્થક કરી છે.






ગાંધીજીના વિચારોને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજે દેશના તમામ ક્ષેત્રે અમલમાં મુક્યા છે. પ્રાકૃતિક ખેતી ગામડાની સંસ્કૃતિ સાથેનું સીધું જોડાણ છે. રાજ્યપાલના માર્ગદર્શનમાં આજે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. તેમણે કહ્યું કે, મારા ખેતરમાં પણ રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી માટે આપેલા સૂચનો અપનાવતાં ખૂબ સારા પરીણામો મળ્યા છે. તેમની વાતમાં વિજ્ઞાન સાથે ભવિષ્યની વાત છે. થરાદ વિસ્તાર પ્રાકૃતિક ખેતીમાં મોડલરૂપ બને તે માટેના તમામ પ્રયાસો કરવામાં આવશે. આજે થરાદ પંથકમાં ૧૦૦ થી વધુ ગૌશાળાઓ આવેલી છે જેનું ગૌરવ છે. આવનાર પેઢીને સ્વસ્થ બનાવવા માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર વિકલ્પ હોવાનું અધ્યક્ષએ જણાવ્યું હતું. ભારતીય કૃષિ ક્ષેત્રમાં પ્રાકૃતિક ખેતી આજે ચર્ચાનો વિષય બની છે. વિષમુક્ત પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોમાં અને સમાજમાં જાગૃતિ આવે અને લોકો નિરામય જીવનના અભિગમ તરફ વળે તે ખૂબ જ જરૂરી છે. જેમાં માનનીય રાજ્યપાલશ્રી સાથે સૌ ખેડૂતોના પ્રયત્નો થકી થરાદ વિસ્તાર પ્રાકૃતિક ખેતીનું હબ બનશે.

રાજ્યપાલ સાથે વિધાનસભાના અધ્યક્ષ સહિતના મહાનુભાવોએ લુણાલ સ્થિત પ્રાથમિક શાળામાં સફાઈ અભિયાનમાં ભાગ લઈને પદયાત્રા યોજી હતી. આ સાથે રાજ્યપાલે બનાસ ડેરી સંચાલિત જમીન ચકાસણી પ્રયોગશાળાની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું. આ કૃષિ સંવાદ કાર્યક્રમમાં બનાસ ડેરીનાં નિયામક મંડળના સભ્યશ્રીઓ, બનાસકાંઠા જિલ્લાનાં અગ્રણીઓ, આગેવાનો, ગુજરાત વિદ્યાપીઠના સભ્યશ્રીઓ સહિત બહોળી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

# બનાસ ડેરી માટે ગૌરવભરી ક્ષણ: બનાસ સંકુલ વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરમાં અપાતા 'મહાપ્રસાદ' તંદૂલ લાડુનું ઉત્પાદન

બનાસ ડેરી માટે આ એક અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ છે કે, બનાસ કાશી સંકુલ,વારાણસીમાં હવે કાશી વિશ્વનાથ મંદિરમાં ભક્તો માટે વિશિષ્ટ પ્રસાદરૂપે તંદૂલ લાડુ 'મહાપ્રસાદ'નું ઉત્પાદન કરવામાં છે. પ્રસાદ બનાવવાની સંપૂર્ણ પ્રક્રિયા શાસ્ત્રીય પૂજા અને પાઠ સાથે આધ્યાત્મિક વાતાવરણમાં હાથ ધરવામાં આવે છે. પ્રસાદ બનાવવાની પ્રક્રિયામાં સામેલ કર્મચારીઓની ચોવીસ કલાક સીસીટીવી સર્વેલન્સ અને બેકગ્રાઉન્ડ વેરિફિકેશનનાં આધારે દેખરેખ રાખવામાં આવશે. અત્યાર સુધી 'મહાપ્રસાદ'માં ઘઉંના લોટ અને ડ્રાયફ્રૂટ્સમાંથી બનેલા લાડુનો સમાવેશ થતો હતો. આ નવા 'મહાપ્રસાદ'માં 'બેલપત્ર' કે બીલી પાનનો ઉપયોગ કરાયો છે જેને પવિત્ર માનવામાં આવે છે. શિવ મંદિરોમાં સૌથી પવિત્ર એવા ૧૨ જ્યોતિર્લિંગ પૈકીના એક કાશી મંદિરમાં ભગવાન શિવની મૂર્તિ પર બીલી પત્ર ચઢાવવામાં આવે છે. બનાસ ડેરીએ મંદિરના કિઓસ્ક પર 'મહાપ્રસાદ' વેચવાનું શરૂ કર્યું છે.

બનાસકાંઠા સહીત દેશના અન્ય વિસ્તારના પશુપાલકો, જે બનાસ ડેરી સાથે જોડાયેલા છે, તેમના માટે ગર્વની ક્ષણ છે કે ભગવાન કાશીને ચડાવવામાં આવતો મહાપ્રસાદ બનાવવાનું કાર્ય બનાસ ડેરીનાં પ્લાન્ટને સોંપવામાં આવ્યું. બનાસ ડેરી દ્વારા 'મહાપ્રસાદ' બનાવવા માટે પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયા (SOP) તૈયાર કરવામાં આવી છે, જે દરરોજ મંદિરમાં આવતા સેંકડો ભક્તોમાં વહેંચવામાં આવે છે. વિજયાદશમી પર ભક્તોને નવો પ્રસાદ 'તાંદુલ મહાપ્રસાદ' ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો. અત્યાર સુધી, છેલ્લા ૫ વર્ષથી મંદિર પ્રબંધનની દેખરેખ હેઠળ સ્થાનિક સ્તરે લાડુનો પ્રસાદ બનાવવામાં આવતો હતો. પરંતુ વિજયાદશમીથી વિશ્વનાથ મંદિરમાં જૂના પ્રસાદની જગ્યાએ વિશેષ પ્રસાદનું કાઉન્ટર શરૂ કરવામાં આવ્યું છે. ૨૦૦ ગ્રામના બોક્સમાં છ લાડુની કિંમત ૧૨૦ રૂપિયા રાખવામાં આવી છે. આ પ્રસાદની ખાસ વાત એ છે કે બનાસ ડેરીમાં બાબા વિશ્વનાથને ચડાવવામાં આવેલા બેલપત્ર અને ચોખાનો લોટ અને અન્ય ખાદ્ય પદાર્થોને મિક્સ કરીને શુદ્ધતા સાથે તૈયાર કરવામાં આવે છે.



બાબા વિશ્વનાથ લોકોની આસ્થાનું પ્રતિક છે. રેસીપી અમને વિશ્વનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા આપવામાં આવી છે. આ પ્રસાદ બાબા વિશ્વનાથને ચઢાવવામાં આવનાર બેલપત્ર, ચોખાનો લોટ, દેશી ઘી, ખાંડ, એલચી, લવિંગ, કાળા મરી અને સૂકા ફળોના મિશ્રણમાંથી તૈયાર કરવામાં આવે છે. સૌથી મોટી વાત એ છે કે પ્રસાદ તૈયાર કરવા માટે સનાતન ધર્મ સાથે સંપૂર્ણ રીતે જોડાયેલા લોકોને કામે લગાડવામાં આવ્યા છે અને સ્નાન અને પૂજા કર્યા પછી જ પ્રસાદ બનાવવાનું શરૂ કરવામાં આવે છે. હાલમાં દરરોજ ૧૦૦૦ કિલોથી વધુ પ્રસાદ તૈયાર કરવામાં આવે છે અને જેમ જેમ માંગ વધશે તેમ તેની ક્ષમતા પણ વધારવામાં આવશે. હાલમાં આ પ્રસાદ મંદિરમાં અમૂલ દ્વારા ખોલવામાં આવતા કાઉન્ટર પર જ ઉપલબ્ધ છે. મંદિર પ્રશાસન અને મંદિર ટ્રસ્ટ દ્વારા લાંબી તૈયારી બાદ પ્રસાદની ગુણવત્તા નક્કી કરવામાં આવી છે. હાલમાં, આ પ્રસાદ અમૂલના કાઉન્ટર અને બનારસના વિવિધ ભાગોમાં ઉપલબ્ધ રહેશે અને ભવિષ્યમાં તેને લોકોને ઉપલબ્ધ કરાવવા માટે મોટું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ આ વર્ષે ૨૩ ફેબ્રુઆરીએ કારખીયાંવના UPSIDA એગ્રો પાર્કમાં બનાસ કાશી સંકુલ દૂધ પ્રોસેસિંગ યુનિટનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું કે, આ પ્લાન્ટ બનારસની મીઠાઈઓને ભારતનાં દરેક ખૂણે લઈ જવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ઉદ્ઘાટન બાદ બનાસ ડેરીના કાશી એકમે બનારસી 'લાલ પેડા' અને 'લૌંગલતા' બનાવવાનું શરુ કર્યું હતું. કાશી મંદિરમાં ભગવાન શિવને અર્પણ કરવામાં આવતી બનારસની સૌથી લોકપ્રિય મીઠાઈઓમાંની એક લાલ પેડાનું પણ ઉત્પાદન કરવામાં આવે છે.








# બનાસ ડેરીએ સુરક્ષા કર્મચારીઓ માટે કર્યું સુરક્ષા તાલીમ કાર્યક્રમનું આયોજન



એશિયાની સૌથી મોટી બનાસ ડેરીએ સુરક્ષા અને સલામતીની દ્રષ્ટિએ મહત્વનું પગલું ભર્યું છે. ડેરીનાં સુરક્ષા વિભાગ દ્વારા યોજાયેલા સુરક્ષા તાલીમ કાર્યક્રમમાં સુરક્ષા કર્મચારીઓને સઘન તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ડેરીની સમગ્ર વ્યવસ્થા, પ્લાન્ટો, અને પ્રોસેસિંગ યુનિટ્સની સુરક્ષા કેવી રીતે જાળવવી તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો.



## સુરક્ષા તાલીમમાં કવર કરવામાં આવેલા મુદ્દાઓ:

**સુરક્ષા કર્મચારીઓની જવાબદારી:**
તાલીમમાં સૌથી મહત્વનું ભાગ ભાર સુરક્ષા કર્મચારીઓની ફરજ અને જવાબદારી પર મૂકવામાં આવ્યું. જેમાં ડેરીના તમામ સંકુલની સલામતી અને સુરક્ષાની ચાંપતી નજર રાખવાની મહત્વપૂર્ણ ભૂમિકા સમજાવવામાં આવી.






**કમ્યુનિકેશન ટીપ્સ:** સુરક્ષા કર્મચારીઓને યોગ્ય રીતે કોમ્યુનિકેટ કરવા માટે જરૂરી કૌશલ્ય વિકસાવવા માટે મહત્વની ટીપ્સ આપવામાં આવી.

**બેઝિક કમ્પ્યુટર જ્ઞાન:** ડેરીમાં ટેકનોલોજીના ઉપયોગમાં રોજબરોજની કામગીરી સરળતાથી અને ઝડપથી કરી શકાય તે માટે કર્મચારીઓને બેઝિક કમ્પ્યુટર જ્ઞાન શીખવવામાં આવ્યું.

**સોફ્ટ સ્કિલ્સ:** કામકાજ દરમ્યાન કેવી રીતે અન્ય કર્મચારીઓ સાથે સહકાર થી કામ કરવું, અને સકારાત્મક વ્યવહાર વિકસાવવો તે વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું.

**પેટ્રોલિંગનાં સિદ્ધાંતો:** ડેરીમાં પેટ્રોલિંગ દરમિયાન કઈ બાબતો પર ધ્યાન આપવું અને કેવી રીતે સંભાળવું તે સમજાવવામાં આવ્યું.

**સેલ્ફ મોટિવેશન અને લીડરશીપ સ્કિલ:** સુરક્ષા કર્મચારીઓની આત્મવિશ્વાસ વધારવા માટે અને તેમને સશક્ત કરવા માટે સેલ્ફ મોટિવેશન અને લીડરશીપ કૌશલ્ય પર ભાર મૂકવામાં આવ્યો.

**ટીમ વર્ક:** એકબીજાના સહકારથી સફળતાપૂર્વક કામગીરી કરવાની કળા માટે ટીમ વર્ક મહત્વપૂર્ણ છે. આ માટે જુદા-જુદા કાર્યો અને પરિસ્થિતિઓમાં ટીમ તરીકે કેવી રીતે કામ કરવું તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

**હિસાબી જવાબદારી:** સલામતી અને સુરક્ષા સાથે જોડાયેલા દરેક હિસાબી વ્યવહારોનું યોગ્ય રીતે સંચાલન કરવું તે મહત્વનું છે, તે માટેનાં સિદ્ધાંતો પણ સમજાવવામાં આવ્યા.

**સઘન તપાસ (ચેકિંગ):** બનાવટોનું યોગ્ય ચેકિંગ કેવી રીતે કરવું અને અનિવાર્ય પરિસ્થિતિઓમાં શું પગલા લેવા તે અંગે સખત તાલીમ આપવામાં આવી.

**પ્રાઈવેટ માણસોનું મોનેટરિંગ:** ડેરી સંકુલમાં આવતા પ્રાઈવેટ મજૂરો અથવા અન્ય વ્યક્તિઓની ચોકસાઈથી તપાસ કરવાની તાલીમ આપવામાં આવી.

**ફાયર ફાઈટિંગ (આગથી સુરક્ષા):** આગ જેવી પરિસ્થિતિઓથી સંભાળવાની તાલીમ અને ફાયર ફાઈટિંગ સિસ્ટમ્સ કેવી રીતે કામ કરે છે તે અંગેની વિસ્તૃત તાલીમ આપવામાં આવી.

તાલીમ પૂર્ણ થયા બાદ, સુરક્ષા કર્મચારીઓને ડેરીના જુદા-જુદા વિભાગોમાં નિયુક્ત કરવામાં આવ્યા. આ તાલીમ દ્વારા, તમામ કર્મચારીઓને તેમના કામ માટે વધુ સજ્જ અને સમર્થ બનાવવામાં આવ્યા, જેથી તેઓ ડેરીના સંચાલનમાં યોગ્ય રીતે સુરક્ષા જાળવી શકે. આ કાર્યક્રમ બનાસ ડેરીની કાર્યક્ષમતા અને સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પગલું છે, જે સુરક્ષા કર્મચારીઓને વધુ આત્મવિશ્વાસ અને યોગ્ય માળખાકીય સમજણ પ્રદાન કરે છે.



# શિયાળાની ઋતુમાં પશુધનની માવજત

ભારતમાં ઋતુચક્રના ફેરફાર સાથે ૦૦ થી ૪૫૦ ડીગ્રી સુધીનો તાપમાનમાં તફાવત જોવા મળે છે જે અન્વયે પશુઓ માટે સાનુકુળ તાપમાન ૧૮૦ થી ૨૮૦ ડીગ્રી સુધીનું હોય છે, આનાથી ઉપર કે નીચેનું તાપમાન પશુઓની રોજબરોજની ક્રિયાઓમાં અડચણ ઉભી કરે છે જેને લઈને પશુને અલગથી માવજતની જરૂર પડે છે.ભારતમાં નવેમ્બર માસ પછી શિયાળાની વિધિવત શરૂઆત થાય છે.

પશુઓની જાડી ચામડી મહદ અંશે ઠંડીથી પશુને રક્ષણ પૂરું પાડે છે. પરંતુ શિયાળાના તેજ ઠંડા પવનો અને વાવાઝોડુ પશુઓ અને પશુપાલકો માટે સમસ્યાનું કારણ બની રહે છે. ઠંડીમાં પશુ પોતાની ચામડીનું તાપમાન જાળવી રાખવા લોહીનો પુરવઠો ચામડી તરફ વધારે છે અને તે માટે હાર્ટ રેટ અને શ્વાસોશ્વાસમાં વધારો કરે છે જેના પરિણામ સ્વરૂપ વધુ એનર્જીની જરૂર ઉભી થાય છે જેને પહોંચી વળવા માટે પશુને વધુ પૌષ્ટિક આહારની જરૂર પડે છે જે એક અંદાજ મુજબ રોજીંદા ખોરાક કરતા ૨૦% વધુ હોય છે.



## ખોરાકની બાબતમાં ધ્યાને રાખવાના મુદ્દા

પશુઓના ખોરાકમાં પ્રોટીનની માત્રા વધુ મળી રહે તે માટે બનાસદાણનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ.

ઠંડીના સમયમાં પશુને સાધારણ ગરમ હુંફાળું પાણી પીવા માટે મળી રહે તેનું ધ્યાન રાખવું.

દૂધ આપતા પશુઓને ૪૦ થી ૫૦ ગ્રામ જેટલો ગોળ પાણીમાં આપી શકાય જેથી કરીને પશુને ઠંડીથી બચવા માટે જરૂરી એનર્જી મળી રહે.

તાજા દુધાળા પશુંઓને લીક્વીડ કેલ્શિયમ ખોરાક સાથે આપવો જોઈએ જેથી કરીને ચયા-પચયની ક્રિયા માટે જરૂરી કેલ્શિયમ પશુના શરીરને મળી રહે.

કેટલફીડ પ્લાન્ટમાંથી મળતું મીનરલ મિશ્ચર બનાસ સુપરમીન તેમજ બનાસ સુપરફેટનો વપરાશ વધારવો જોઈએ.

## રહેઠાણની કાળજી માટે મુખ્યત્વે

પશુઓને રાત્રીના સમયે તબેલાની અંદર બાંધવા જોઈએ અને રહેઠાણના ખુલ્લા ભાગને કંતાનથી ઢાંકવા જોઈએ.

દિવસ દરમિયાન ખુલ્લામાં સુર્યપ્રકાશ પુરતો મળી રહે તેમ બાંધવા જોઈએ.

નાના બચ્ચાઓને અલગથી એક બારી શિવાય પેક હોય તેવા રૂમમાં બાંધવા અને શક્ય હોય તો લાઈટનો

ગોળો ચાલુ રાખવો.વધુ ઠંડી હોય તો બચ્ચાના શરીરને કંતાનથી ઢાંકી પણ શકાય.



# બનાસદાણ
# પશુધન માટે ઉત્તમ, પૌષ્ટિક ખોરાક

આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિથી પશુપાલનના પૂરક ઉદ્યોગને વિકસાવી રાષ્ટ્રમાં શ્વેતક્રાંતિ લાવવા હજુ ઘણું બધુ કરવાનું બાકી છે. જેથી ગ્રામ્ય બેકારીનો પ્રશ્ન પણ હળવો બને તેમ છે. દૂધ ઉત્પાદન વ્યવસ્થા એક સ્વતંત્ર વ્યવસાય તરીકે આપણા દેશમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. રાષ્ટ્રના કુલ દૂધ ઉત્પાદનમાં આપણે વિશ્વ સાથે હરીફાઈ કરીએ છીએ. દુધ ઉત્પાદન વ્યવસાયમાંથી યોગ્ય વળતર મળી રહે તે માટે આપણા દુધાળા પશુઓનાં ખોરાક માટે ઘણી બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. બનાસ ડેરી પશુધનના ખોરાકની ચિંતા કરીને કેટલ ફીડ પ્લાન્ટની અંદર પશુઓ માટે અલગ અલગ પ્રકારનું દાણ બનાવે છે, જે પોષક તત્વોથી ભરપુર, સમતોલ અને પૌષ્ટિક હોય છે.





## બનાસ ડેરી દ્વારા પશુધનને આપવામાં આવતો આહાર નીચે પ્રમાણે છે.

- પશુઓને ભાવે એ પ્રકારનો આહાર બનાવવામાં આવે છે.
- આહારમાંથી પશુને પૂરતો જથ્થો (કદ) મળી રહે અને ભૂખ સંતોષાય તેની કાળજી રખાય છે.
- આહારમાંથી દુધ ઉત્પાદન માટેના જરૂરી પોષક તત્વો પશુને મળી રહે તેનું ધ્યાન રખાય છે.
- આહાર નુકસાનકારક તત્વો અથવા જંતુનાશક દવા રહિત બનાવવામાં આવે છે.
- આહાર ફૂગ રહિત હોય છે તેમજ તમામ સામગ્રી તાજી અને તંદુરસ્ત વાપરવામાં આવે છે.
- આહાર આર્થિક રીતે પોષાય તે રીતે આપવામાં આવે છે.

## બનાસ ડેરીનાં કેટલ ફીડ પ્લાન્ટમાં બનતા વિવિધ પ્રકારના પશુદાણ અંગેની વિસ્તૃત માહિતી:

### બનાસદાણ (ગાય માટે)

બનાસદાણ માટે વપરાતા જુદા જુદા કાચામાલ જેવાકે મકાઈ,જુવાર, ડી.ઓ.આર.બી ,ગુવાર ભરડો, આર.પી.ફાઈન, કપાસ ખોળ, મગફળી ખોળ, રાયડા ખોળ, બાબુલ ચુની, ગોળની રસી,વિટામિન્સ,કેલ્સાઈટ પાવડર, મીનરલમિક્ષ્ચર,દળેલું મીઠું વિગેરે નું ઉચ્ચ ગુણવત્તાના ધારા ધોરણો મુજબ પરિક્ષણ કરી સારામાં સારી ટેક્નોલોજીનો ઉપયોગ કરી બનાસ દાણ (ગાય માટે) નું નિર્માણ કરવામાં આવે છે. બનાસદાણમાં પ્રોટીન ૨૦% અને ફેટ 3% જાળવવામાં આવે છે અને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ, ટાઇપ-૨ માટેના ધોરણો જાળવવામાં આવે છે.

પશુઓમાં આહારના મુખ્ય ત્રણ ઘટક તત્વો છે સુકોચારો,લીલોચારો અને દાણ. જેમાં પશુના દૂધ ઉત્પાદન માટે અને શારીરિક ક્રિયાઓ માટે જરૂરી એનર્જી દાણ માંથી મળી રહે છે.આમ સારી ગુણવત્તા વાળું પશુની જરીયાત મુજબનું દાણ પશુને પૂરું પાડવામાં આવે તો, પશુની શારીરિક જરૂરિયાત પૂરી પડે છે અને એના ફળ સ્વરૂપ દૂધ ઉત્પાદનમાં વૃધ્ધિ તેમજ ફેટ અને એસ.એન.એફ માં પણ સુધારો જોવા મળે છે.

બનાસડેરી પાસે પાલનપુર કેટલફીડ યુનીટ કે જેની ઉત્પાદન ક્ષમતા પ્રતિ દિવસ ૮૦૦ મે.ટન છે જયારે કાતરવા કેટલફીડ યુનીટની ઉત્પાદન ક્ષમતા પ્રતિ દિવસ ૨૨૦૦ મે ટન છે આમ કુલ બનાસડેરી પ્રતિ દિવસ 3000 મે ટન એટલે કે ૪૨000 બનાસદાણની બોરીનું ઉત્પાદન કરે છે અને તેટલુંજ વેચાણ કરે છે.

### બનાસ વિકાસ દાણ

બચ્ચાના વિકાસના ૪ મહિનાથી લઈને પ્રથમ વખત ગરમીમાં આવે ત્યાં સુધી તેને પુષ્કળ માત્રામાં પ્રોટીનની તેમજ પ્રમાણસર એનર્જી ની જરૂરિયાત હોય છે જેથી બનાસડેરી એ બનાસ વિકાસ દાણ બનાવેલ છે જેમાં પ્રોટીન ૨૨% અને ફેટ 3% જાળવવામાં આવેલ છે. બંને કેટલ ફીડ પ્લાન્ટ્સ પશુપાલકોની માંગને આધારે અથવાતો વાછરડી ઉછેર કાર્યક્રમ અંતર્ગત અંદાજીત ૬00 મે ટનનું છ માસિક ઉત્પાદન કરે છે.

### બનાસ ભેંસદાણ

ભેંસનું વજન ગાયની સરખામણીમાં વધુ હોય છે તેમજ તેના દુધમાં ફેટની માત્રા પણ વધુ હોય છે જેથી તેના માટે બનાસડેરી બનાસ મહેસાણી ભેંસદાણનું ઉત્પાદન પશુપાલકોની માંગને આધારે પાલનપુર તેમજ કાતરવા યુનીટથી અંદાજીત ૫00 મે.ટન અથવાતો ૭000 બોરીનું ઉત્પાદન કરવામાં આવે છે.

બનાસ મહેસાણી ભેંસદાણ માં પ્રોટીન ૨૪% અને ફેટ ૫% જાળવવામાં આવે છે જેથી પશુની શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે છે તેમજ દૂધ ઉત્પાદનમાં વૃધ્ધિ થાય છે, ફેટ અને એસ.એન.એફ જળવાઈ રહે છે.

### બનાસ બચ્ચાદાણ

જન્મથી બચ્ચાનો પદ્ધતિસરનો શારિરિક વિકાસ થાય તે માટે બનાસડેરી બનાસ બચ્ચાદાણ બનાવે છે. જીવનના શરૂઆતના તબક્કામાં બચ્ચાની પેટ/હોજરી નો વિકાસ ધીમો થતો હોય છે જેથી વધુ રેસા વાળા તત્વો ખોરાકમાં ના જાય અને સહેલાઈથી પચી જાય એવા ઓછા રેસાવાળા તત્વો નો ઉપયોગ કરીને બચ્ચા દાણ બનાવવામાં આવે છે જેમાં પ્રોટીન ૨૩% અને ફેટ ૪% જાળવી રાખવામાં આવે છે.

### બનાસ સગર્ભા દાણ

પશુ વિયાણના ૬0 દિવસ બાકી હોય ત્યારે પશુને બનાસ સગર્ભા દાણ આપવામાં આવે તો પશુ વિયાણ પછી જોવા મળતા સુવાવડના રોગોમાંથી બચી શકાય છે.પશુની કેલ્સિયમ ની જરૂરિયાત વિયાણ પછી અચનાક વધી જતી હોય છે અને જો એ સમયે પશુની પોતાની કેલ્સિયમ બનાવવાની સાયકલ ચાલુ થવી અનિવાર્ય છે, તો તે માટે આગોતરા આયોજનના ભાગ રૂપે વિયાણના ૬0 દિવસ પહેલાથી પ્રતિ દિવસ ૫ થી ૬ કી.ગ્રા. જેટલું બનાસ સગર્ભા દાણ પ્રતિ પશુ આપવામાં આવે છે.બનાસ સગર્ભા દાણ માં પ્રોટીન ૨૪% અને ફેટ ૪% જાળવવામાં આવે છે.બંને કેટલ ફીડ પશુપાલકોની માંગ ને આધારે અંદાજીત 300 મે ટન નું છ માસિક ઉત્પાદન કરે છે.





### બનાસ મિક્ષ્ આહાર

ભેંસોમાં દૂધ, ફેટ અને એસ.એન.એફ ની માત્રા તેમજ પ્રવર્તમાન બજારુ પશુ આહાર સેગમેન્ટને ધ્યાનમાં રાખીને બનાસ મિક્ષ્ આહાર ૪0 કી.ગ્રા. પેકિંગ માં પશુપાલકોને ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જે બનાવવામાં ફક્ત મકાઈ ખોળ,ડી.ઓ.આર.બી.,રાયડા ખોળ અને ગોળની રસીનો જ ઉપયોગ કરવામાં આવેલ છે અને આ બનાસ મિક્ષ્ પશુ આહાર હાલમાં ખુબજ વપરાતો તેમજ પશુપાલકોની પ્રથમ પસંદગી માં સ્થાન પામેલ છે.જેમાં પ્રોટીન ૧૭% અને ફેટ ૫% જાળવવામાં આવેલ છે.



### બનાસ મકાઈ પાપડી

બજારુ મકાઈ પાપડીની હલકી ગુણવત્તાથી પશુપાલકોને થતી છેતરામણી થી બચાવવા માટે બનાસ ડેરીએ નવીન પ્રોડક્ટ બનાસ મકાઈ પાપડી ૪0 કી.ગ્રા પેકિંગ માં વેચાણ અર્થે મુકેલ છે.જેમાં ૧૭% પ્રોટીન અને ૧૧% ફેટ જાળવવામાં આવેલ છે. બનાસ મકાઈ પાપડી ક્વોલીટીની સીધી દેખ-રેખ નીચે થર્ડ પાર્ટી જોબ વર્ક થી બનાવડાવવામાં આવે છે અને પશુપાલકોની માંગને આધારે મંડળી ઉપર પહોચાડવા માં આવે છે. બનાસ મકાઈપાપડીનું પ્રતિ માસ વેચાણ અંદાજીત ૧૭00મે.ટનજેટલું છે.

કેટલ ફીડ પ્લાન્ટ પાલનપુર ૧૯૭૯ માં અસ્તિત્વમાં આવ્યો, જેનું શરૂઆતનું પ્રોડક્શન ૧00 મે.ટન પ્રતિ દિવસ હતું.ત્યાર બાદ પશુપાલકોની માંગ ને પહોચી વળવા માટે ૧૯૯૭-૯૮ માં 300 મે.ટન પ્રતિ દિવસ સુધી વિસ્તારવામાં આવ્યો. ત્યારબાદ ૨00૨-03 માં ફરીથી ૪૫0 મે ટન પ્રતિ દિવસ સુધી વિસ્તારવામાં આવ્યો અને પછી પણ બનાસ દેરીમાં દુધની આવકમાં વધારો થતા ફરી થી ૨00૮-0૯ માં ૬00 મે ટન સુધીનું ઉત્પાદન લઇ શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી જયારે હાલ પ્રવર્તમાન પ્રોડક્શન ક્ષમતા ૮00 મે.ટન પ્રતિ દિવસ ની છે.

કેટલ ફીડ પ્લાન્ટ કાતરવા ૨0૧૧-૧૨ માં ૧000 મે.ટન પ્રતિ દિવસ ની ક્ષમતા સાથે અસ્તિત્વમાં આવ્યો જેનું ૨0૨0-૨૧ માં વધારાનું ૮00 મે.ટન ની નવીન લાઈન સાથે સાથે કુલ ઉત્પાદન ૧૮00 મે. ટન પ્રતિ દિવસ સુધી વિસ્તારવામાં આવ્યું.ત્યારબાદ પશુપાલકોની માંગને પહોચી વળવા ૨0૨૨-૨3 માં કુલ ૨૧00 મે.ટન ઉત્પાદન ક્ષમતા સાથે આર્ટ ઓફ વર્ડ કેટલફીડ કાતરવાનું નિર્માણ થયેલ છે.





# વેસ્ટથી બેસ્ટનું સર્જન: રાધનપુર ખાતે ગૌ મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટનું નિર્માણ

**રાધનપુર શહેરમાં એક મહત્વપૂર્ણ અને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ પહેલ રૂપે ગૌ મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવશે. આ પ્લાન્ટ દરરોજ ૧૦,૦૦૦ લીટર ગૌ મૂત્ર કલેક્શન કરવાની ક્ષમતા ધરાવે છે, જે દેશની પરંપરાગત ખેતી અને આધુનિક ટેકનોલોજી સાથે કૃષિનો વિકાસ કરવાના પ્રયાસોને મજબૂત કરવાનું લક્ષ્ય ધરાવે છે.**





## પશુપાલકો માટે લાભદાયક યોજનાઓ

આ પ્લાન્ટ દ્વારા પશુપાલકો પાસેથી દેશી ગાયોના ગૌ મૂત્રની ખરીદી ૫ રૂપિયા પ્રતિ લીટરના ભાવે કરવામાં આવશે. જેના દ્વારા પશુપાલકોને નાણાંકીય રીતે મદદ મળશે અને તેઓની આજીવિકા સુધરશે. દેશી ગાયોનું મહત્વ ઊભરશે અને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીને ગતિ મળશે.

## ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન

આ પ્લાન્ટ દ્વારા ખેડૂતોને ઓર્ગેનિક ખેતી તરફ આકર્ષવામાં મદદ મળશે. ગૌ મૂત્રનો ઉપયોગ કરીને સોઇલ કન્ડીશનર, ગ્રોથ પ્રમોટર અને પેસ્ટ રિપેલન્ટ જેવા બિનહાનિકારક રસાયણો તૈયાર કરીને હાનિકારક રસાયણોનો સારો વિકલ્પ ઉભો કરાશે. આ ઉત્પાદનો ખેડૂતોને ઓર્ગેનિક ખેતી કરવા પ્રોત્સાહિત કરશે અને જમીનની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થશે. ઓર્ગેનિક ઉત્પાદનોથી જમીનમાં જીવાણુઓનું સંરક્ષણ થશે, અને રાસાયણિક ખાતરોના નુકસાનથી ખેડૂતો બચી શકશે.

## પર્યાવરણ માટે લાભકારી

આ ગૌ મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટ માત્ર કૃષિ ક્ષેત્રમાં જ નહીં, પરંતુ પર્યાવરણ માટે પણ ખૂબ ફાયદાકારક સાબિત થશે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વિકલ્પ તરીકે ગૌ મૂત્રથી બનેલા ઉત્પાદનોનો ઉપયોગ કરવામાં આવશે, જેના કારણે જમીન, પાણી અને હવા દૂષિત થવાની શક્યતાઓ ઘટશે.

## સમગ્ર પ્રોજેક્ટનો દિવ્ય ઉદ્દેશ

આ પહેલ દેશી ગાયોનું મહત્વ વધારશે અને ગૌ આધારિત પર્યાવરણ-મૈત્રીપૂર્ણ વ્યવસાયોને નવા સ્તર પર લઈ જશે. રાધનપુર ખાતેનો આ પ્લાન્ટ ન માત્ર ખેડૂતો અને પશુપાલકો માટે મક્કમ આધાર પૂરું પાડશે, પરંતુ સમગ્ર સમાજને પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છ ખેતીની દિશામાં માર્ગદર્શિત કરશે. સામાન્ય રીતે ગૌ મૂત્રનો ઉપયોગ હવે આધુનિક તકનીક અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ સાથે જોડવામાં આવી રહ્યો છે, જે દેશની પરંપરા અને સંસ્કૃતિને સમર્થન આપીને નવો વિકાસ પથ ઉભો કરે છે.

**બાદરપુરા ખાતે મગફળી ઓઈલ પ્લાન્ટના નિર્માણને કારણે તેલબિયાં ઉદ્યોગમાં એક મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે.**

**આ પ્લાન્ટ, જે ૪૬.૫ કરોડ રૂપિયાની કિંમતથી બનાવવામાં આવશે, તે આ ક્ષેત્ર માટે આર્થિક અને ખેતીક્ષેત્રે મોટી અસર પાડશે.**

## પ્લાન્ટની વિશિષ્ટતા:

આ મગફળી ઓઈલ પ્લાન્ટની પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન મગફળીનું પીલાણ કરવાની ક્ષમતા છે, જે તેને ઓઈલ ઉદ્યોગમાં શ્રેષ્ઠ ટેકનોલોજી ધરાવતી સુવિધાઓમાં સ્થાન આપે છે. મગફળીના તેલનું ઉત્પાદન વિતરણમાં આગવું સ્થાન મેળવશે, જે તેલબિયાંના ઉત્પાદકોને ફાયદો પહોંચાડશે. આ ઉપરાંત, તેલબિયાંના ઉત્પાદનોમાં વેલ્યુએડિશન (મૂલ્યવર્ધન) થવાથી ખેડૂતોને વધુ નફો થશે, અને આ ઉદ્યોગ સ્થાનિક વિકાસમાં યોગદાન આપશે.

## ઉત્પાદનની શરૂઆત:

ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં આ મગફળી ઓઈલ પ્લાન્ટ તૈયાર થઈ જશે અને ઉત્પાદન પ્રક્રિયાઓ શરૂ થઈ જશે. આ સવલતથી સ્થાનિક ખેડૂત સમુદાયને તેમના પાકનું પીલાણ કરાવવાની સુવિધા મળશે, જેથી તેમના ઉત્પાદનોના મૂલ્યમાં વધારો થશે. સરસવના દાણા અને મગફળીનો ઉપયોગ કરીને ઉચ્ચ ગુણવત્તાના તેલનું ઉત્પાદન થશે, જે દેશ-વિદેશના બજારોમાં સ્પર્ધાત્મક ભાવથી ઉપલબ્ધ કરવામાં આવશે.

"

# તેલીબિયાં પાકનું મૂલ્યવર્ધન: બાદરપુરા ખાતે મગફળી ઓઈલ પ્લાન્ટનું નિર્માણ

"




## તેલબિયાંના ઉદ્યોગમાં નવો યોગદાન:

આ મગફળી ઓઈલ પ્લાન્ટના નિર્માણથી બાદરપુરા અને આસપાસના વિસ્તારોમાં રોજગારીની તકો ઊભી થશે. સ્થાનિક યુવાનો અને કારીગરોને રોજગાર મળશે, અને સંસાધનોના ઉચ્ચતમ ઉપયોગ દ્વારા આ વિસ્તાર આર્થિક વિકાસ તરફ આગળ વધશે. તેલબિયાંના ઉત્પાદકો માટે આ પ્લાન્ટ એક મજબૂત આધારસ્તંભ બનશે, જ્યાં તેઓ આર્થિક રીતે મજબૂત થઈ શકે છે.

## ખેડૂત અને ઔદ્યોગિક વિસ્તરણ માટે ફાયદાકારક:

આ નવા પ્લાન્ટ દ્વારા સ્થાનિક ખેડૂતોને તેમના પાકનું પીલાણ અને તેલના ઉત્પાદન માટે વધારે સહાયતા મળશે. વેલ્યુએડિશન પ્રક્રિયા દ્વારા મગફળી અને સરસવ જેવા તેલબિયાંની માંગ વધશે, અને આ ઉત્પાદનોની ગુણવત્તા સુધારાશે. ખેડૂતોને તેમના પાકના મૂલ્યમાં વધારો થશે, અને તેઓને વધુ નફો મળશે, જે આખરે ખેતી ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપશે.

## ઉદ્યોગના ભાવિ માટે મહત્વપૂર્ણ:

બાદરપુરા ખાતે મગફળી ઓઈલ પ્લાન્ટનું નિર્માણ એ સમગ્ર તેલ ઉદ્યોગ માટે એક માઈલ સ્ટોન સાબિત થશે. આ પ્લાન્ટ ઉર્જાક્ષમતા અને નવીન ટેકનોલોજી સાથે કામ કરશે, જેથી ઉત્પાદન વધુ અસરકારક અને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ બને.

આ સંપૂર્ણ પ્રોજેક્ટ એક પ્રેરણાત્મક ઉદાહરણ છે કે કેવી રીતે સહકારી ક્ષેત્રના અને ટેકનિકલ વિકાસ સાથે ખેતી અને ઉદ્યોગક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય.









## સહકારની ભાવનાનું મજબુતીકરણ: સણાદર ખાતે સહકારિતા માટેનું તાલીમ કેન્દ્ર

સણાદર ખાતે સહકારિતા માટે એક વિશિષ્ટ તાલીમ કેન્દ્રનું નિર્માણ થવા જઈ રહ્યું છે, જે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ દુનિયાને સહકારિતાના મહત્વ અને તેના વ્યાપક ફાયદાઓ વિશે શીખવાડશે. આ કેન્દ્રનુ મુખ્ય ઉદ્દેશ વિશ્વને સહકારના માધ્યમથી આર્થિક અને સામાજિક વિકાસ તરફ પ્રોત્સાહિત કરવાનું છે.



## સહકારિતાનો વિઝન:

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી સહકારિતાને દેશની આર્થિક અને સામાજિક પ્રગતિ માટે એક શક્તિશાળી સાધન માનતા આવ્યા છે. તેમણે આ વિચારશક્તિ હેઠળ તેવો વિશાળ વિઝન રજૂ કર્યો છે કે સહકારિતા માત્ર એક સિદ્ધાંત નહીં, પણ તે એવા મૂલ્યો અને સાહિત્ય પર આધારિત છે જેનાથી સમગ્ર સમાજને બળ મળે છે. સહકાર દ્વારા નાનાં ઉદ્યોગો, ખૂણાના વિસ્તારોમાં રહેલા લોકો અને નાના ખેડૂતોને સંસ્થાકીય માળખામાં જોડીને વધુ મજબૂત બનાવવામાં આવે છે.

## સહકારિતા તાલીમ કેન્દ્રની મહત્વની વિગતો:

સણાદર ખાતે નિર્માણ થનાર આ સહકારિતા તાલીમ કેન્દ્ર રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે અનોખું બનશે. આ કેન્દ્ર દ્વારા વિશ્વભરના લોકો સહકારિતા વિશે પ્રત્યક્ષ અનુભવ મેળવી શકશે અને તેને પોતાના પ્રદેશોમાં અમલમાં મૂકી શકશે. આ કેન્દ્રનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ, સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ અને સહકારી સંગઠનોને આ મજબૂત માળખાના માધ્યમથી કેવી રીતે વધુ ઉછાળો આપી શકાય તે શીખાડવાનો છે.

## તાલીમ કેન્દ્રની ખાસિયતો:

આ સહકારિતા તાલીમ કેન્દ્રનું માળખું આધુનિક સુવિધાઓથી સજ્જ હશે. તેમાં ખાસ કરીને સહકારિતાના મૂળભૂત સિદ્ધાંતો પર ભાર મુકવામાં આવશે. આ ઉપરાંત, વ્યવહારૂ તાલીમ, સેમિનાર અને વર્કશોપ દ્વારા સહકારી ચળવળના વિવિધ પાસાઓ વિશે જ્ઞાન અને અનુભવ આપવાનો ઉદ્દેશ છે. વિશિષ્ટ તાલીમ કોર્સોને વિશ્વ સ્તરે પ્રતિષ્ઠા મળશે, જેથી વિવિધ દેશોના પ્રતિનિધિઓ પણ આમાંથી લાભ મેળવી શકશે.

## સહકારિતા અને આર્થિક વિકાસ:

સહકારિતાનો આદર્શ એટલો જ સારો છે કે તે ન ફક્ત ગામડાઓની આર્થિક પ્રગતિ માટે, પરંતુ સમગ્ર રાષ્ટ્રના વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. નાનાં ઉદ્યોગો અને સંગઠનોને એકત્ર કરીને સહકારી માળખામાં જોડી શકાય છે, જેનાથી તેમને બજારમાં સારો નફો મળી શકે અને સામૂહિક રીતે આગળ વધવાની પ્રેરણા મળે.

## મુખ્ય ઉદ્દેશ:

આ તાલીમ કેન્દ્ર દ્વારા સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવા અને તેને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવાનું છે. આ ઉપરાંત, દુનિયાના વિવિધ ખૂણામાં સહકારિતાના વિચારોને પ્રસારે એવી કોશિશ કરવામાં આવશે. આ કેન્દ્ર સહકારી ક્ષેત્રમાં નવીનતા અને સર્જનાત્મકતાનો કેન્દ્ર બનશે, જ્યાં વિભિન્ન દેશોના પ્રતિનિધિઓ તાલીમ મેળવીને સહકારના મૂલ્યોને પોતાના દેશમાં અમલમાં મૂકી શકશે.

## સમાજ અને વૈશ્વિક વ્યાપ માટે મહત્વ:

આ કેન્દ્ર સમાજના દરેક વર્ગના લોકોને જોડવા અને સહકારિતાના માધ્યમથી તેમના જીવનસ્તરને સુધારવા માટે કટિબદ્ધ છે. આ પ્લેટફોર્મ વિશ્વના લોકોને એકસાથે લાવશે, જેથી તેઓ સહકારી મૂલ્યો દ્વારા એકત્રિત થઈ શકે અને એક મજબૂત અને સમૃદ્ધ સમુદાયનું નિર્માણ કરી શકે.


## ઉદઘાટન અને ભવિષ્યના પ્રગતિમાર્ગો:

આ તાલીમ કેન્દ્રનું નિર્માણ કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે, અને મજબૂત આયોજન સાથે તેના ઉદ્ઘાટન માટે તૈયારીઓ થઈ રહી છે. આ કેન્દ્ર સણાદર અને સમગ્ર વિશ્વના સહકારિતાના ક્ષેત્રમાં મજબૂત ભવિષ્ય ઘડશે. સહકારિતા માટેનું આ કેન્દ્ર અખિલ વિશ્વના લોકોને સહકારના મૂલ્યો અને તેના ફાયદાઓના માર્ગે દોરશે, અને આર્થિક અને સામાજિક પ્રગતિમાં મહત્વનું યોગદાન આપશે.



# યુવાનોને પ્રોત્સાહન : ગાંધીનગર ખાતે સરકારી પરીક્ષાઓ માટે તૈયાર કરવાનું કેન્દ્ર:

બનાસકાંઠા અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને UPSC, GPSC જેવી મહત્ત્વપૂર્ણ સરકારી પરીક્ષાઓ માટે ઉત્તમ માર્ગદર્શન અને પૂર્વ તૈયારી આપવા માટે ગાંધીનગર ખાતે વિશેષ પરીક્ષણ વર્ગનું નિર્માણ થવાનું છે. આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ એવા વિદ્યાર્થીઓને મદદરૂપ થવાનો છે, જેમને આ પ્રકારની મોટી અને પડકારજનક પરીક્ષાઓ પાસ કરવા માટે યોગ્ય માર્ગદર્શન અને પર્યાપ્ત સાધનસામગ્રી ઉપલબ્ધ નથી.





### વિદ્યાર્થીઓ માટે અપેક્ષા મુજબ તક:

સરકારી નોકરી માટે તૈયાર થઈ રહેલા વિદ્યાર્થીઓ માટે આ કેન્દ્ર એક વિશાળ આશા કિરણ બનીને ઉભરાશે. ખાસ કરીને બનાસકાંઠા જિલ્લાની વાત કરીએ તો, આ વિસ્તારમાં ઘણા વિદ્યાર્થીઓ UPSC, GPSC અને અન્ય રાજ્ય અને કેન્દ્ર સરકારની પરીક્ષાઓ આપવાની ઇચ્છા રાખે છે, પરંતુ યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય તૈયારી માટે સુવિધાઓનો અભાવ અનુભવતા હોય છે. આ કેન્દ્ર તે વિદ્યાર્થીઓને મજબૂત આધાર પૂરો પાડશે, જેથી તેઓ આ કઠિન પરીક્ષાઓમાં સારા પરિણામ મેળવી શકે.

### કેન્દ્રની વિશિષ્ટતાઓ:

આ પરીક્ષણ કેન્દ્રમાં વિદ્યાર્થીઓને સર્વોચ્ચ ગુણવત્તાના શિક્ષણ અને માર્ગદર્શન સાથે તૈયારી આપવામાં આવશે. અહીં ઉમેદવારોને સંપૂર્ણ અભ્યાસક્રમ, મોક ટેસ્ટ, વર્ગખંડ શિક્ષણ અને વ્યાપક અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત, પરિક્ષાના આધારે ખાસ કરીને નૈતિકતા, વિષયની ગહન સમજ અને પ્રારંભિક તેમજ મુખ્ય પરીક્ષાઓ માટે યોગ્ય સમીક્ષા પદ્ધતિ પર પણ ફોકસ કરવામાં આવશે.

### શિક્ષણના શ્રેષ્ઠતા માટે પ્રોફેસર્સ:

આ કેન્દ્રમાં ગુજરાતના ટોચના શિક્ષકો અને પ્રોફેસરો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે, જેમને સરકારી પરીક્ષાઓની તૈયારીમાં વિશિષ્ટ અનુભવ છે. વિદ્યાર્થીઓને વર્ગો, ચર્ચાઓ અને સેમિનારો દ્વારા તેમની શંકાઓ દૂર કરવામાં મદદ મળશે. અહીં ઉપલબ્ધ તજજ્ઞો વિદ્યાર્થીઓને પરીક્ષાની કઠોર પ્રક્રિયા માટે તૈયારી કરાવશે અને બળ આપશે.

### રોજગારી અને સમાજ માટે ફાયદાકારક:

આ કેન્દ્રની સ્થાપનાથી બનાસકાંઠાના વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ માટે પ્રોત્સાહન મળશે, જે તેમને આર્થિક અને સામાજિક સ્તરે મજબૂત બનાવશે. સરકારી નોકરીઓ મેળવીને વિદ્યાર્થીઓના પરિવારજનો અને સમાજમાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. આ ઉપરાંત, ગરીબ અને પછાત વર્ગના વિદ્યાર્થીઓને પણ આ કેન્દ્રથી વિશેષ લાભ મળશે, કારણ કે તેઓને મફત અથવા સસ્તા દરે ઉચ્ચ ગુણવત્તાના શિક્ષણ અને માર્ગદર્શન મળશે.

### ગાંધીનગર ખાતે કેન્દ્રની સ્થાપનાથી શિક્ષણ ક્ષેત્રે એક નવી દિશા:

આ વિચારસરણી ગાંધીનગરને એક એવું શહેર બનાવશે, જે આકાંક્ષી વિદ્યાર્થીઓ માટે શિક્ષણનું કેન્દ્ર બનશે. જે વિદ્યાર્થી અત્યાર સુધી આ મહત્વપૂર્ણ પરીક્ષાઓ માટે શહેરો તરફ જઈને મહામૂલું ખર્ચ કરે છે, તેઓને હવે ઘર નજીક જ આ તક મળશે. આ કેન્દ્ર શિક્ષણ ક્ષેત્રે ગાંધીનગરનું નામ વધુ ઉંચુ કરશે.

### ભવિષ્યની દિશામાં એક મજબૂત પગલું:

આ પરીક્ષણ કેન્દ્ર ગરીબી અને પછાત વર્ગના વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ માટે તૈયાર કરવામાં અગત્યનું યોગદાન આપશે. આનું નિર્માણ શિક્ષણ ક્ષેત્રે અને રોજગારી વધારવાના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

આ કેન્દ્રથી વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષાઓ પાસ કરવાની જ પ્રેરણા મળશે નહીં, પણ તેઓ જીવનના વિવિધ ક્ષેત્રોમાં સફળતાના નવા દ્વાર ઉઘાડી શકશે.





> “
> # બનાસ ડેરી: જીવનમાંથી અંધકાર દૂર કરી પ્રકાશ ફેલાવનાર દીપક
> ”

દિવાળી, જેને પ્રકાશનું પર્વ કહેવામાં આવે છે, તે માત્ર દીવડાંથી ઘરોને પ્રકાશિત કરવાનો ઉત્સવ નથી, પરંતુ અંધકારને દૂર કરી જીવનમાં સમૃદ્ધિ અને ખુશીઓ લાવવાનું પ્રતિક છે. તે જ રીતે, બનાસ ડેરીએ પણ બનાસકાંઠા જિલ્લા સહીત દેશના અન્ય એવા ભાગોમાં પ્રકાશ ફેલાવ્યો છે, જ્યાં ક્યારેય ગરીબી, પછાતપણા અને આર્થિક તંગીનો અંધકાર હતો.





01

## શ્વેતક્રાંતિનું સર્જન:

બનાસ ડેરીનો ઉદ્યોગ, ખાસ કરીને "શ્વેત ક્રાંતિ" મારફતે, લાખો લોકોના જીવનમાં બદલાવ લાવનાર સાબિત થયો છે. ૧૯૬૯ના દાયકામાં શરૂ થયેલી આ ક્રાંતિએ ભારતને દૂધ ઉત્પન્ન કરવામાં આત્મનિર્ભર બનાવ્યું. આ ક્રાંતિનું મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોના લોકો, ખાસ કરીને નાના ખેડૂત અને પશુપાલકોને સશક્ત બનાવવાનું હતું. બનાસ ડેરીએ ગામોમાં દૂધ ઉત્પાદન માટે સંગઠિત અને સ્થાયી સાધનો ઉપલબ્ધ કરાવ્યા, જેના કારણે ન માત્ર દૂધનું ઉત્પાદન વધ્યું, પરંતુ સ્થાનિક લોકોની આવકમાં પણ વધારો થયો.

02

## ગ્રામ્ય જીવનમાં સમૃદ્ધિનો પ્રવાહ:

જેમ દિવાળીમાં દીવડાં પ્રગટાવી અંધકારનો અંત આવે છે, તેમ બનાસ ડેરી એ ગ્રામ્ય બનાસકાંઠા સહીત દેશના અન્ય પ્રદેશોમાંથી ગરીબીના અંધકારને દૂર કરીને ત્યાં સમૃદ્ધિનો પ્રકાશ ફેલાવ્યો છે, ખેડૂત અને પશુપાલકોને સશક્ત બનાવી તેમની આર્થિક સ્થિતિ સુધારી છે. પહેલા જ્યાં ખેડૂત પોતાની ખેતી પર જ નિર્ભર હતા, ત્યાં હવે દૂધના ઉત્પાદન દ્વારા તેમના માટે નિયમિત આવકના સ્રોતનું નિર્માણ થયું છે.

03

## મહિલાઓના સશક્તિકરણમાં ડેરી ઉદ્યોગની ભૂમિકા:

બનાસ ડેરી એ માત્ર પુરુષો નહીં, પણ મહિલાઓને પણ આત્મનિર્ભર બનાવવામાં મોટી ભૂમિકા ભજવી છે. ગામોમાં મહિલાઓ દૂધ ઉત્પાદન અને બનાસ ડેરીનો મહત્વનો ભાગ બની છે. ડેરીએ પશુપાલકો અને ખેડૂતોને આર્થિક સ્વતંત્રતા આપી અને સમાજમાં મહત્વની ભૂમિકા નિભાવવાનો અવસર પ્રદાન કર્યો છે. જેમ દીવડાં ઘરના દરેક ખૂણાને પ્રકાશિત કરે છે, તેમ બનાસ ડેરીએ ગામડાના દરેક વર્ગને એક નવું જીવન આપ્યું છે.

04

## પોષણ અને આરોગ્યમાં યોગદાન:

બનાસ ડેરીએ માત્ર આર્થિક રીતે નહીં, પણ પોષણના ક્ષેત્રમાં પણ સમાજને પ્રકાશ આપ્યો છે. દૂધ અને દૂધથી બનેલા ઉત્પાદનો માત્ર સંતુલિત આહારનો મહત્વનો ભાગ નથી, પરંતુ ટેક હોમ રાશન પ્લાન્ટનું નિર્માણ કરીને કુપોષણ સામેની લડાઈમાં પણ મહત્વનું યોગદાન આપ્યું છે. ખાસ કરીને બાળકો અને મહિલાઓ માટે, દૂધે પોષણની અછત દૂર કરીને તેમના આરોગ્યમાં સુધારો લાવ્યો છે.

05

## ભવિષ્યના પડકારો અને તકો:

જેમ દિવાળીમાં ઘરોને સજાવીને દરેક ખૂણામાં દીપકનો પ્રકાશ ફેલાવવામાં આવે છે, તેમ બનાસ ડેરી પણ સતત નવી ટેકનિક અને વ્યવસ્થાપન સુધારાઓ દ્વારા વિસ્તરણ કરે છે. જોકે, બનાસ ડેરીને અનેક પડકારો છે, જેમ કે પર્યાવરણમાં ફેરફાર, પશુઓના આરોગ્ય અને ગુણવત્તાના સુધારા. પરંતુ આ પડકારોને તકમાં ફેરવવાની ક્ષમતા પણ બનાસ ડેરીમાં છે, કારણ કે તેમાં નવીનતા અને સહકારની મજબૂત પરંપરા છે.

જેમ દિવાળીનો પર્વ અંધકારને દૂર કરીને જીવનમાં પ્રકાશ અને ખુશીઓ લાવે છે, તેમ બનાસ ડેરીએ બનાસકાંઠા સહીત દેશના અન્ય ભાગોમાં પ્રકાશ ફેલાવ્યો છે, જ્યાં ક્યારેય ગરીબી અને તંગીનો અંધકાર હતો. બનાસ ડેરીએ માત્ર આર્થિક વિકાસને પ્રોત્સાહન આપ્યું છે, પરંતુ લાખો લોકોના જીવનમાં પોષણ, આરોગ્ય અને સમૃદ્ધિની આગ પ્રગટાવી છે. બનાસ ડેરી, સાચા અર્થમાં, આપણા દેશનો એવો દીપક છે જે દરેક દિવસ જીવનને પ્રકાશિત કરે છે.

# પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થથી દેશમાં સુખ, સમૃદ્ધિ અને ખુશહાલીનો પ્રકાશ ફેલાવતા બનાસ ડેરીના સશક્ત મહિલા પશુપાલક બહેનો!

મહિલા પશુપાલકના સતત શ્રમ અને ઉત્સાહથી બનાસ ડેરી અને કૃષિ ઉદ્યોગમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત થઈ રહી છે. તેઓ દેશની પ્રગતિ અને સમૃદ્ધિમાં મહાન યોગદાન આપી રહ્યા છે.





# દિવાળીનો શુભ સંદેશ

## વ્હાલા ખેડૂત અને પશુપાલક ભાઈઓ અને બહેનો,દિવાળીના આ પવિત્ર તહેવારની આપ સૌને હાર્દિક શુભકામનાઓ!

દિવાળીનો તહેવાર આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ જવાની પ્રેરણા આપે છે. જેમ દીવો અંધકારને દૂર કરે છે અને પ્રકાશ ફેલાવે છે, તેવી જ રીતે તમે બધા ખેડૂતો અને પશુપાલક ભાઈઓ અને બહેનો તમારી મહેનતથી તમારા ઘરને જ નહીં પરંતુ સમગ્ર દેશને સમૃદ્ધિ અને ખુશીઓથી ભરી દો છો. તમારી સખત મહેનતને કારણે, દેશનો કૃષિ અને ડેરી ઉદ્યોગ ફૂલીફાલી રહ્યો છે અને આપણા બધાનું જીવન સુખમય બની રહ્યું છે.

આ ખાસ અવસર પર, ચાલો આપણે આપણા પરિવાર, મિત્રો અને સમાજ સાથે મળીને આપણા સંબંધોમાં સ્નેહ અને પ્રેમનો પ્રકાશ ફેલાવીએ. આ ઉત્સવ માત્ર ઘરોને રોશની કરવા માટે જ નથી, પણ હૃદયને રોશન કરવા માટેનો પણ છે.



આ દિવાળીએ, ચાલો આપણે દરરોજ કંઈક કરવાનો સંકલ્પ કરીએ જેનાથી સમાજમાં શાંતિ, એકતા અને સૌહાર્દનો સંદેશ ફેલાય છે, જે ભગવાન શ્રી રામે આપણને શીખવ્યું છે. આ દિવાળીએ આપણે જે રીતે આપણા ખેતરો અને પશુધનની સંભાળ રાખીએ છીએ તેવી જ રીતે પર્યાવરણની પણ કાળજી લેવાનો સંકલ્પ કરીએ. પાણી, માટી અને હવા શુદ્ધ રાખવા માટે કુદરતી સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરીએ. સજીવ ખેતી, જળ સંરક્ષણ અને પશુ આરોગ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને, આપણે ભાવિ પેઢીઓ માટે ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકીએ છીએ.

કૃષિ અને પશુપાલન એ આપણા દેશની કરોડરજ્જુ છે અને તમારા બધાનું યોગદાન અમૂલ્ય છે. તમારા ખેતરોમાં સોનું ઉગે, તમારા પશુઓ સ્વસ્થ રહે અને તમારા ઘરમાં દીવાઓની જેમ હંમેશા પ્રકાશ અને પ્રેમ રહે. દિવાળીનો આ તહેવાર તમારા જીવનમાં અપાર સુખ, સમૃદ્ધિ અને શાંતિ લઈને આવે એવી પ્રાર્થના.

**ફરી એકવાર, આપ સૌને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ**

**શુભ દિવાળી!**

**શંકરભાઈ ચૌધરી**
(ચેરમેન, બનાસ ડેરી)